સી.આર.સી. સરોડા
||सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः||
શિક્ષણનો અધિકાર

# Right_Choise

Reservoir of Knowledge

અંક: 4 માસ: સપ્ટેમ્બર ૨૦૧૩

CRC Saroda

‘


*There is no end to education, the whole of life, from the moment you are born to the moment you die, is a process of learning.*

-Dr. Radhakrishnan




Happy Teacher’s Day

ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણ




વિશ્વ
ઓઝોન
દિવસ

“SAVE TREES,
PROTECT OZONE
LAYER”







The "Gyanpatra"

September 2013, Issue: 4

Right_Choise™
PUBLICATION
Sharing Ideas for Excellence in Primary Education

## માહિતી

પ્રકાશન : ૫ સપ્ટેબર ૨૦૧૩.

પછીનો અંક: ૨ ઓક્ટોબર ૨૦૧૩

સંપાદક: જીગર પટેલ

પ્રકાશક: Right_Choise

The articles in this magazine are neither created nor re-viewed by us.Rightchoise will not be responsible for any kind of misuse of information given here.

Volume:1 | Issue:4

Pub ID: RC4SEP13

crc.khd.balasinor.saroda@gmail.com

All rights reserved

RightChoise Web services

# Editorial

## Two Words.....

Dream | Believe | Achieve

'એક બાળક જન્મ બાદ માતા પિતાની હૂંફ છોડીને જ્યારે જગતરૂપી આકાશમાં ઊડવાનું શરૂ કરે છે ત્યારે સૌપ્રથમ તેનો પરિચય શિક્ષક સાથે થાય છે. અફાટ સમુદ્ર જેવા આ સંસારમાં એક બાળક માટે માતા પિતાને છોડીને શિક્ષક જ એવું વ્યક્તિત્વ હોય છે કે જેના પર તે સૌથી વધુ વિશ્વાસ મૂકે છે. બાળ માનસની કોરી પાટી પર શિક્ષકે અંકિત કરેલી રેખાઓ જીવનભર ભૂંસાતી નથી. ૫ મી સપ્ટેમ્બરે શિક્ષક દિન છે ત્યારે Right_Choise દ્વારા આ લેખ એવા શિક્ષકોને સમર્પિત છે કે જેમણે વિદ્યાર્થિઓ પર અમીટ છાપ પાડી છે.

એવા તમામ શિક્ષકમિત્રોને....

જ્યાં.....

બે નાનકડી પ્રેમાળ આંખો તેમને ટીકી ટીકીને જોઈ રહી છે.

બે નાનકડા કાન તેમના દરેક બોલ સંભાળવા તલપાપડ છે.

બે નાનકડા હાથ તેમની એક આજ્ઞાની રાહ જોવા આંખો પટપટાવે છે.

એ નાનકડાં પતંગિયા...

સતત એવાં સપના જોતા રહે છે કે......

મોટા થઈને બિલકુલ તેમના જેવું જ બનવું છે....

આ અંકમાં આગળ આજનું શિક્ષણ કેવું હોવું જોઈએ ? તે વિષે લેખ રજુ કર્યો છે.

Jigar M Patel

CRC Co. Saroda

(Balasinor)



# Mid Day Meal Project અંતર્ગત શાળા મુલાકાત અને માર્ગદર્શન

'મધ્યાહન ભોજન પ્રોજેક્ટ અંતર્ગત વાલી શાળામાં આવે અને મધ્યાહન ભોજનનો લાભ લે છે કે કેમ તે માટે શાળાની મુલાકાત ભોજન સમયે લીધી અને વાલીને પ્રોજેક્ટની મહત્તા સમજાવી તથા શાળામાં નિયમિત આવી પોતાના તેમજ ગામના અન્ય બાળકોની શૈક્ષણિક સ્થિતિ અને શાળાની પ્રવુત્તિઓથી અવગત થવા જણાવ્યું.









बिहार सरकार

## शिक्षा विभाग

### आम सूचना

**सारण जिला के मसरख प्रखंड के एक नव सृजित प्राथमिक विद्यालय में मध्याह्न भोजन से संबंधित एक अत्यंत ही दुखद घटना घटी है। घटना के संबंध में सभी पक्षों की पूरी जांच सख्ती से करायी जा रही है तथा अनुसंधान के आधार पर आवश्यक कार्रवाई की जायेगी।**

पूर्व में भी सभी प्रारम्भिक विद्यालयों के प्रधानाध्यापक तथा रसोईया को निदेशित किया गया था कि बच्चों को खाने के लिए भोजन देने के पूर्व आप स्वयं इसे खायें और किसी भी परिस्थिति में खराब गुणवत्ता की सामग्री या संदेहास्पद सामग्री का उपयोग नहीं करें। पुनः निदेशित किया जाता है कि इस निदेश का सख्ती से पालन करें। इसका उल्लंघन करने पर प्रशासनिक कार्रवाई की जायेगी।

साथ ही प्रधानाध्यापक यह भी सुनिश्चित करें कि किसी भी परिस्थिति में कीटनाशक, खाद आदि का भंडारण खाद्य पदार्थों के साथ नहीं किया जाए। शिक्षा विभाग के निरीक्षी पदाधिकारी यदि किसी स्कूल में निरीक्षण के लिये जाते हैं तो वे भी मध्याह्न भोजन की गुणवत्ता का चख कर जांच करें और उसे प्रतिवेदन में अंकित करें।

कृपया इसका सख्ती से पालन किया जाए।

(अमरजीत सिन्हा)
प्रधान सचिव, शिक्षा विभाग

पी.आर. 4353 (शि.) 13-14

**वेतन-भता की चादर हो जितनी, फैला पांव लालसा की उतनी।**

# Activities

તહેવારો લઈને આવેલ ઓગસ્ટ પૂર્ણ થયો. આ તહેવારોની ઉજવણી અમે અમારી શાળાઓમાં પણ વિદ્યાર્થીઓ સાથે માણી. રાષ્ટ્રીય પર્વ ૧૫ મી ઓગસ્ટની ઉજવણી રાષ્ટ્રધ્વજ ફરકાવીને કરવામાં આવી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાઓમાં રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. લગભગ "મીની વેકેશન" જેવી જન્માષ્ટમીએ સૌએ આરામ પણ લઇ લીધો હશે. ઉજવણીઓ ના ફોટોગ્રાફ્સ આપ અમારા બ્લોગ Right_Choise પર નિહાળી શકશો.

## ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૩

૨૨ ઓગસ્ટ ૨૦૧૩ ના દિવસે સી.આર.સી. કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન ક્લસ્ટર રિસોર્સ સેન્ટર, સરોડા મુકામે યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ક્લસ્ટરની તમામ શાળાઓના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિક્ષકમિત્રો તથા ગ્રામમિત્રો પણ હાજર રહ્યા હતા. કુલ ૨૨ કૃતિઓ સાથે ૪૪ વિદ્યાર્થીઓ તથા ૨૧ શિક્ષકમિત્રોએ ભાગ લીધો હતો.





વિજ્ઞાન મેળામાં કુલ ચાર વિભાગો પૈકી કૃષિ અને ઉર્જા વિભાગને સારો પ્રતિભાવ મળ્યો હતો.

એક કૃતિ સાથે બે વિદ્યાર્થીઓ અને એક શિક્ષક હાજર રહ્યા હતા.

ગ્રામજનોનો પણ સારો સહકાર મળ્યો હતો.

## શિક્ષણ કેવું હોવું જોઈએ.......?

એક વાક્યમાં તેનો જવાબ આપવો હોય તો : તેને સફળ માનવ બનાવે તેવું હોવું જોઈએ. શિક્ષણને આજકાલ ઘણું મહત્વ અપાય છે, આપવું પણ જોઈએ. **દુખની વાત એ છે કે ફક્ત શિક્ષણને જ મહત્વ અપાયછે. નહિ કે કેવું શિક્ષણ ?**. જેનાથી મજબૂત સમાજ બનતો નથી. સારા ડોક્ટરો, વકીલો અને ઈજનેરો મળી જાયછે પરંતુ સારા માનવો ઉપલબ્ધ નથી. દેશની કમર ભ્રષ્ટાચારે તોડી નાખી છે. પ્રવર્તમાન શિક્ષણ પ્રણાલી માં કઈક ગડબડ જરૂર છે. લોકો કામચોર અને ભ્રષ્ટાચારને પોષનારા વધુ જોવા મળે છે. દેશ ચલાવવાવાળાની વાત તો તડકે મૂકો. દેશના હિતોનું ધ્યાન રાખે તેવા નાગરિકો આપણે જોઈએ છે, તે ખાલી ડિગ્રીથી નહીં મળે તે ચોક્કસ છે.

સારા માનવ બનવા માટે આપણા ધાર્મિક ગ્રંથોમાં પુષ્કળ મસાલો છે. તેનો ઉપયોગ તો થતો નથી. આ ગ્રંથોમાથી અંધશ્રદ્ધાના તત્વો દૂર કરી જીવન ઉપયોગી મેસેજ આપતો અભ્યાસક્રમ તૈયાર કરી પ્રથમ ધોરણથી તે કોલેજના છેલ્લા વર્ષ સુધી દાખલ કરવો જોઈએ. જેનાથી સારા પુત્ર, સારા પતિ, સારા નાગરિક કે જેનામાં રાષ્ટ્રહિતની ભાવનાઓ ભરપૂર હોય તેવા નાગરિકો બનાવી શકાય. ધાર્મિક શિક્ષણ સ્કૂલ કોલેજમાં કેમ ન આપી શકાય ? યોગ, ધર્મની વાતો,આર્ટ કેમ ન શીખવી શકાય ? કુદરતી આફતો સામે કેમ બાથ ભીડવી તે કેમ ન શીખવી શકાય ? મજબૂત વ્યક્તિત્વ કેમ ડેવલપ કરવું તે કેમ ન શીખવી શકાય.? શું આપણે તેવા બાળકો બનાવવાના છે કે જે નાપાસ થવાની બીકમાં આત્મ હત્યા કરવા દોરાય ?

ફક્ત વ્યવસાયલક્ષી શિક્ષણથી ઉન્નત સમાજ નહીં બની શકે. વધુમાં આજના ટ્રેન્ડ મુજબ વિદ્યાર્થીને તેનામાં રહેલ ક્રિએટિવિટી અનુસાર નહીં પરંતુ માં-બાપની ઈચ્છા મુજબ ભણતરની લાઈન લેવી પડતી હોય છે. જે ખોટું છે. બીજું, અભ્યાસક્રમ ખુબજ લાંબા હોવાથી ગોખણપટ્ટી ઉપર આધાર રાખવો પડે છે. જેના કારણે વિધ્યાર્થી પાછલું ભૂલતો જાય છે. આમ ક્રિએટિવિટીને દબાવવાથી "જીનીયસ" પેદા થતાં નથી. કહેવાતા આજના શિક્ષણના માપદંડો મુજબ આઈન્સ્ટાઈન ઠોઠ વિધ્યાર્થી હતા, તેવા ઘણા દાખલાઓ છે. માટે બાળકમાં રહેલ કુદરતી લગાવ અને રસને પારખીને તેને અનુકૂળ શિક્ષણ આપવું જોઈએ. તથા પ્રોજેક્ટ વર્ક આપીને તેની ક્રિએટિવિટી ખીલવવી જરૂરી છે. ટ્યુશનનો ભાર તો એટલો બધો હોય છે કે **"ખલી"** પણ તે ઊચકતા થાકી જાય. એક બીઝનેસ બનાવી નાખ્યો છે. શિક્ષણ આટલું બધુ મોંઘું કેવી રીતે હોય શકે.? પછી તે ડિગ્રી મેળવીને લાલચમાં ફસાવાનો જ છે.

There is no end to education, the whole of life ,
from the moment you are born to the moment you die,
is a process of learning.

*"શિક્ષણ એવું હોવું જોઈએ કે મનુષ્યની માનવતાને સર્વોચ્ચ શિખરોએ પહોંચાડે"*

# ઈન્ટરનેટ……

આપણે વેબ અને ઈન્ટરનેટ બંનેને એક ગણીએ છીએ, પણ હકીકતમાં ઈન્ટરનેટ એટલે દુનિયાભરનાં કરોડો કમ્પ્યૂટર્સને જોડતું વિરાટ માળખું. જ્યારે વર્લ્ડવાઇડવેબ એટલે ઈન્ટરનેટની મદદથી માહિતીની આપલે માટેની ટેક્નોલોજી.

- ૧૯૫૮માં અમેરિકન પ્રેસિડેન્ટ આઇઝનહોવરે યુએસની ડિફેન્સ સર્વિસીઝ માટે `એડવાન્સ્ડ રિસર્ચ પ્રોજેક્ટ એજન્સી (આરપા)'ની રચના કરવા ભંડોળ ફાળવવાનું વિચાર્યું.

- ૧૯૬૨માં ઈન્ટરનેટ કન્સેપ્ટ વિશે પહેલું વૈજ્ઞાનિક પેપર લખાયું.

- ૧૯૬૫માં એમઆઈટી લિંકનલૅબમાં પહેલા નેટવર્કિંગથી બે કમ્પ્યૂટર્સે એકબીજા સાથે `વાત' કરી!

- ૧૯૬૯થી ૧૯૭૦ સુધીમાં આરપાનેટ વિકસ્યું અને જુદાં જુદાં પાંચેક સ્થળોએ આ નેટવર્કના નોડ્સ મૂકાયા.

- ૧૯૭૨માં આરપાનેટ માટે પહેલી પાર, બેઝિક ઇ-મેઇલ પ્રોગ્રામ લખાયો અને એમાં @ (એટ) સાઇનનો ઉપયોગ થયો (જેને આપણે સૌ હોંશથી `એટ ધ રેટ' કહીએ છીએ!)

- ૧૯૭૩માં આરપાનેટે અમેરિકાની સરહદ ઓળંગી. ઇંગ્લેન્ડ ને નોર્વે સાથે ઇન્ટરનેશનલ કનેક્શન્સ રચાયાં.

- ૧૯૭૬માં ક્વિન એલિઝાબેથ બીજાંએ ઇ-મેઇલનો ઉપયોગ કર્યો. એપલ કમ્પ્યૂટરનો પણ જન્મ થયો.

- ૧૯૮૦માં `ઇન્ક્વાયર વિધિન' નામનો પ્રોગ્રામ લખાયો, જેમાંથી વર્લ્ડવાઇડવેબનો જન્મ થવાનો હતો.

- ૧૯૮૦માં આઇબીએમે પહેલા પર્સનલ કમ્પ્યૂટરની જાહેરાત કરી અને માઇક્રોસોફ્ટે ડોસ વિક્સાવી.

- ૧૯૮૩માં, .કોમ, .ઓર્ગ, .નેટ વગેરે જન્મ્યાં અને ડોમેઇન નેમ સિસ્ટમ વિકસી.

- ૧૯૮૪માં પહેલી વાર `સાયબરસ્પેસ' શબ્દનો ઉપયોગ થયો.

- ૧૯૮૫માં સિમ્બોલિક.કોમ નામે પહેલું ડોમેઇન નેમ રજિસ્ટર્ડ થયું.

- ૧૯૮૬માં આરપાનેટ ઓપન થયું અને ઇન્ટરનેટ વિકસ્યું. એ વર્ષે ૫૦૦૦ કમ્પ્યૂટર્સ કનેક્ટ થયાં.

- ૧૯૮૯ સુધીમાં કનેક્ટેડ કમ્પ્યૂટર્સની સંખ્યા એક લાખે પહોંચી અને માર્ચમાં વર્લ્ડવાઇડવેબનો જન્મ થયો.

- ૧૯૯૨માં `નેટ સર્ફિંગ' શબ્દ ચલણી બન્યો.

- ૧૯૯૩માં વેબના ઉપયોગમાં ૩,૪૧,૦૦૦ ટકાનો વધારો નોંધાયો!

અને પછી તો, રેસ્ટ ઇઝ ધ નોન હિસ્ટ્રી! મજાની વાત એ છે કે માણસને માણસની નજીક લાવતી આ ટેક્નોલોજી વિકસી રહી હતી ત્યારે દુનિયા આખીનું બધું ધ્યાન માણસને માણસથી દૂર, છેક અવકાશમાં લઈ જતા સ્પેસ પ્રોગ્રામ પર કેન્દ્રિત હતું!

*-Techfest*

## ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૩માં ભાગ લઈ  શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરનાર અમારી બાળ પ્રતિભાઓ ……

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

ક્લસ્ટર રિસોર્સ સેન્ટર,સરોડા,તા:.બાલાસિનોર
જીલ્લો:ખેડા
ફોન નં:.૯૯૭૯૧૪૬૧૭૬
ઈ-મેઈલ:crc.khd.balasinor.saroda@gmail.com

જા.નં:.___ તા: ૦૧/૦૯/૨૦૧૩

સી.આર.સી. કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ પૈકી દરેક વિભાગમાંથી શ્રેષ્ઠ કૃતિની પસંદગી નિર્ણાયકો દ્વારા કરવામાં આવી હતી. આ મુજબ શ્રેષ્ઠ કૃતિઓ , રજુ કરનાર બાળકો અને માર્ગદર્શન પૂરું પાડનાર શિક્ષકશ્રીની યાદી નીચે મુજબ છે.

તમામ વિદ્યાર્થીઓ તથા તેમના માર્ગદર્શક શ્રીઓનો ભાગ લેવા બદલ ખુબ ખુબ આભાર અને શ્રેષ્ઠ કૃતિની પસંદગીમાં સ્થાન મેળવવા બદલ ખુબ-ખુબ અભિનંદન. આગળ પણ આપ સારું સ્થાન પ્રાપ્ત કરો એવી આશા.

| ક્રમ | વિભાગનું નામ (પરિપત્રને આધારે) | કૃતિનું નામ | કૃતિ રજૂ કરનાર બાળકોના નામ | માર્ગદર્શક શિક્ષકનું નામ |
|---|---|---|---|---|
| ૧ | કૃષિ | હાઈડ્રોપોનિક ખેતી | પટેલ જાનવીબેન મહેન્દ્રભાઈ | પટેલ કેયુરકુમાર |
| | | | ચાવડા કુંજ શૈલેષભાઈ | |
| ૨ | ઉર્જા | સૌર વિદ્યુતપ્રણાલી | ચૌહાણ અતુલકુમાર બુધાભાઈ | રાઠોડ યોગેન્દ્રસિંહ બાબુસિંહ |
| | | | ઝાલા સંજયકુમાર તખતસિંહ | |
| ૩ | સ્વાસ્થ્ય | ઓછા ખર્ચે પૌષ્ટિક આહાર વિકસિત કરવા માટેની જરૂરિયાત | ચૌહાણ સંદીપભાઈ ગુલાબભાઈ | શેખ નાહીદાબાનું મં.રફીક |
| | | | મહેરા સુનીલકુમાર ગોપાલભાઈ | |
| ૪ | પર્યાવરણ | પર્યાવરણ શુધ્ધિકરણ | રાવળ પારૂલબેન રમેશભાઈ | પટેલ જયંતીભાઈ બાબરભાઈ |
| | | | મહેરા સુનીલકુમાર ગોપાલભાઈ | |
| ૫ | સંશાધનો | સૂર્યમંડળના ગ્રહો | વણકર નીરજકુમાર દિનુભાઈ | પટેલ અશોકકુમાર ધુળાભાઈ |
| | | | ચૌહાણ ગોપાલભાઈ નટવરભાઈ | |

ટેકનોલોજીને સારી રીતે વાપરવામાં આવે તો તે વરદાન છે,

અન્યથા અભિશાપ છે.

## This September

5 સપ્ટેબર —> શિક્ષક દિન

૯ સપ્ટેબર —> સંવત્સરી / ગણેશચતુર્થી

૧૬ સપ્ટેબર —> વિશ્વ ઓઝોન દિવસ

Right_Choise અંતર્ગત કોઈ સલાહ સુચન , માર્ગદર્શન કે ટીપ્પણી હોય તો આપ અમને ઈ-મેઈલ કે SMS દ્વારા જણાવી શકો છો. આપ ફેસબુક યુઝર હો તો આપ અમારા પેજ પર ટીપ્પણી કરી શકો. આપ સીધા અહી ક્લિક કરીને આપની ટીપ્પણી નાખી શકો છો.

ગુણોત્સવ ૨૦૧૩ ના આપણી શાળાઓના પરિણામ http://crcgunotsav.co.nr/ પર શાળા મુજબ મુકેલ છે જે સીધા જ ડાઉનલોડ થશે. જે જોઈ લેવા શાળાના આચાર્યશ્રીને વિનંતી.

## The Editorial Team

CRC Saroda

Saroda | Karanpur | Dakhariya | Fefariya | Bhathiji na muvada | Bhogiya Kinari | Verasa | Felsani |Gajapagi Na Muvada Rajanpur | Garasiya Na Muvada | Vachla Muvada |Upadiya | Kanera

To,

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે સૌ આગળ વધે

**જીગર એમ.પટેલ**

**સી.આર.સી. સરોડા**

**તાલુકો:બાલાસિનોર**

**જીલ્લો:ખેડા**

*You are Always Welcome to ........*

**Cluster Resource Center, Saroda**

**Saroda Village,Balasinor Di:Kheda (Gujarat)**